શ્રીસુબોધિનીજી - જન્મ પ્રકરણ - સુબોધ સત્સંગ – ભાગ-૨

શ્રીમદ્ ભાગવતનું મૂલ રહસ્ય શ્રીવલ્લભાચાર્યજીએ સ્વ ચિંતન, અધ્યયન અને સ્વ જીવન કેળવીને શ્રીસુબોધિનીજીની વિરંચીતા આ જગતને પુષ્ટિમાર્ગ દિશાથી સૈદ્ધાંતિક, સરળ અને દ્રઢ વિશ્વાસપૂર્વક અપનાવવા માર્ગદર્શિત કરી🙏 જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સૃષ્ટિ માટે અદભુત શિક્ષા છે.
શ્રીમદ્દ ભાગવત કથા નથી પણ શ્રીભગવાને જીવ, જીવન અને જગતનું રહસ્ય બતાવ્યું છે. ખૂબ યોગ્યતાથી કહું છું કે આજનાં સમયમાં શ્રીમદ્ ભાગવતનું આયોજન કથા માધ્યમથી થાય છે 🙏

આ આયોજનને સત્સંગ માધ્યમથી કરવામાં આવે તો તે અનુષ્ઠાનની ઉત્તમતા અધિક થઈ જાય છે. 🙏 કારણકે આ સમાધિ ભાષા કેવળ તપસ્યા અને આહુતિથી જ પ્રમાણ સત્સંગ જાગે છે. 🙏

શ્રીભગવાન પોત પોતાના મુખે કહે એનાથી સર્વોત્તમ શું! શ્રીભગવાને પોતાનો અધિકાર ભક્ત ઉપર જતાયો એ જ પ્રમાણિત કરે છે કે શ્રીભગવાનને જીવ પ્રત્યે અખંડ સ્નેહ છે. 🙏 આ અધિકાર એવા જ જીવને મળે છે જે જીવ પુષ્ટિમય છે - વૈષ્ણવ છે. શ્રીમદ્ ભાગવત સેવ્ય સ્વરૂપ છે કારણકે શ્રીભગવાનનાં કંઠેથી વહેતી સરસ્વતી જીવોનાં ઉદ્ધાર અર્થે છે એટલે શ્રીભગવાનનું વાક્મય સ્વરૂપ છે. શ્રીવલ્લભાચાર્ય રચિત શ્રીસુબોધિનીજી શ્રીવલ્લભાચાર્યજીનું વાક્મય સ્વરુપ છે, દરેક વૈષ્ણવે ચોક્કસ અપનાવવું જ આ નામ, અક્ષર અને વાક્ સ્વરુપ સેવ્ય છે, તેને સદા સેવ્ય ગૃહસેવા સાથે પધરાવી, સત્સંગ, ચિંતન, મનન કે અધ્યયન કરવું હોય ત્યારે વિશુદ્ધતાથી, માનસિક પવિત્રતાથી જ સત્સંગનો અધિકાર પામીએ છે. 🙏
જન્મ પ્રકરણથી શ્રીવલ્લભાચાર્યજીએ આધ્યાત્મ અને વિજ્ઞાનની એવી ઉચ્ચતા પૂરવાર કરી છે, જે જગતનાં વૈજ્ઞાનિકો આપશ્રીનાં સિદ્ધાંતો સ્વીકારવા લાગ્યા. પદાર્થ અને ચેતનની અનેક પરિભાષામાં ભારતીય આધ્યાત્મ અપનાવવા માંડ્યા. ન્યુરોન, ન્યુટ્રોન, પ્રોટોન આદિની એલીમેન્ટરી અને ક્વાન્ટમ ફિઝિક્સનાં પ્રયોગોથી પૂરવાર કર્યું જીવ, જીવન, જગત અને બ્રહ્માંડનાં પરિબળો અને અસર ચોક્કસ છે.

જે બાયોમેટ્રિક પદ્ધતિ વિકસી તે શ્રીવલ્લભાચાર્યજીએ જે કોઈ પુષ્ટિજીવો આપના સંસર્ગ કે સંપર્કમાં આવ્યા તે આ આધ્યાત્મ અને વિજ્ઞાનનું સપ્રમાણ છે. 👍

પુષ્ટિમાર્ગનું જહાજ પ્રખર સંત શિરોમણી શ્રીસૂરદાસજી અદ્વિતીય લીલાનાં પ્રમાણ છે. એક નેત્રહીન વ્યક્તિનાં દિવ્ય ચક્ષુ ઉઘાડવા કેવી અનોખી લીલા છે. કેવળ નજરથી જ કહ્યું – આવો સૂરદાસ! પધારો 🙌. સૂરદાસજી આપના શરણમાં પડી કેવળ એક જ સ્પર્શ સૂરદાસજીનાં શિશે, કહ્યું હે ભક્ત શિરોમણી! ગંગામાં સ્નાન કરી આવો, હું આપને દિક્ષા આપું છું. સૂરદાસજીએ ગંગામાં ડૂબકી લગાવી ને શ્રીકૃષ્ણ લીલાનાં દર્શન 🙏 કેટલું અલૌકિક પ્રજ્ઞાન 🙌🪔.

વૈજ્ઞાનિકોએ શોધ્યું કે માનવ કોષો પ્રકાશના નાના ઝબકારા દ્વારા વાતચીત કરી શકે છે

સંશોધકોએ એક રસપ્રદ શોધ જાહેર કરી છે જે સૂચવે છે કે આપણા કોષોની અંદરના નાના ઉર્જા ઉત્પાદકો, મિટોકોન્ડ્રિયા, પ્રકાશના અતિ-નબળા ઝબકારાનો ઉપયોગ કરીને વાતચીત કરી શકે છે. બાયોફોટોન્સ તરીકે ઓળખાતા આ સૂક્ષ્મ સંકેતો, કોષીય પ્રવૃત્તિ દરમિયાન ઉત્પન્ન થતા અતિ-નબળા ઉત્સર્જન છે. વૈજ્ઞાનિકો માને છે કે તેઓ કોષો કેવી રીતે કાર્યોનું સંકલન કરે છે, તાણનો પ્રતિભાવ આપે છે અને સમગ્ર શરીરમાં સંતુલન જાળવી રાખે છે તેમાં ભૂમિકા ભજવી શકે છે. આ શોધ સંશોધકો જીવંત જીવોની અંદરના સંદેશાવ્યવહાર અને માનવ જીવવિજ્ઞાનની છુપાયેલી જટિલતા વિશે કેવી રીતે વિચારે છે તેને ફરીથી આકાર આપી રહી છે.

પરંપરાગત રીતે, મિટોકોન્ડ્રિયા મુખ્યત્વે અસ્તિત્વ માટે જરૂરી ઊર્જા ઉત્પન્ન કરવા માટે જવાબદાર માળખા તરીકે સમજવામાં આવતું હતું. જો કે, આધુનિક ઇમેજિંગ ટેકનોલોજીઓએ દર્શાવ્યું છે કે આ ઓર્ગેનેલ્સ ફક્ત શક્તિ કોષો કરતાં ઘણું વધારે કરી શકે છે. સંશોધકોએ મિટોકોન્ડ્રિયા વચ્ચે સુમેળમાં દેખાતા પ્રકાશ ઉત્સર્જનના પેટર્નનું અવલોકન કર્યું, જે સૂચવે છે કે તેઓ રાસાયણિક સંકેતો ઉપરાંત ફોટોનનો ઉપયોગ કરીને માહિતીનું વિનિમય કરી શકે છે. જ્યારે આનો અર્થ એ નથી કે મનુષ્યો રહસ્યમય અર્થમાં શાબ્દિક રીતે "પ્રકાશના જીવો" છે, તે દર્શાવે છે કે પ્રકાશ સેલ્યુલર સ્તરે જૈવિક પ્રક્રિયાઓમાં ઊંડે સુધી સંકળાયેલો હોઈ શકે છે.

તેના પરિણામો નોંધપાત્ર છે. કોષો બાયોફોટોનનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે તે સમજવાથી મગજની પ્રવૃત્તિ, વૃદ્ધત્વ, રોગ શોધ અને કોષીય સમારકામમાં ભવિષ્યના સંશોધનને પ્રભાવિત કરી શકાય છે. વૈજ્ઞાનિકો આ પ્રકાશ-આધારિત સંકેતોમાં વિક્ષેપો ન્યુરોલોજીકલ ડિસઓર્ડર અથવા મેટાબોલિક રોગો સાથે જોડાયેલા હોઈ શકે છે કે કેમ તે શોધી રહ્યા છે. આ શોધ આખરે પ્રકાશ દ્વારા સેલ્યુલર સંચાર શોધવા અથવા વધારવા માટે રચાયેલ સંપૂર્ણપણે નવી તબીબી તકનીકોને પ્રેરણા આપી શકે છે.

Vibrant Pushti

માનવ શરીર જટિલતાના સ્તરો પ્રગટ કરવાનું ચાલુ રાખે છે જે એક સમયે અશક્ય માનવામાં આવતા હતા. દરેક કોષની અંદર, સૂક્ષ્મ ઝબકારા જીવનને ટકાવી રાખતી પ્રક્રિયાઓને શાંતિથી સંકલન કરી શકે છે, જે આપણને યાદ અપાવે છે કે જીવવિજ્ઞાન અને પ્રકાશ એક એવી ઉર્જા એટલે બળથી જોડાયેલા છે કે મૂળ તરંગ કે અધિક ઉર્જા પ્રમાણિત તત્વ ઓછી ઉર્જા પ્રમાણિત તત્વને પોતાનાં તરફ ખેંચી શકે છે, આકર્ષી શકે છે કે ઓળખી શકે છે.

જીવ જેને જન્મ ધર્યો જે જન્મ તેને સંસાર પટલ પર જીવન જીવતા જીવતા એવી ગતિ કરવાની છે જે તેને પુરુષોત્તમતા બક્ષે. અતિ ગહનતાથી શ્રીકૃષ્ણ ચરિત્ર ચિંતન, મનન અને અધ્યયન કરીએ તો અવશ્ય સમજ આવે જ કે **જન્મથી લઈને પુરુષોત્તમતા કેવીરીતે પામવી!**

જીવને અધિકારત્વ પામવું જે શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીસુબોધિનીજીમાં અતિ સૂક્ષ્મતાથી સમજાવ્યું છે.

અધિકાર એટલે શું? જીવ જીવનમાં અધિકાર કેમ પામવો?

અધિકાર એટલે વિનયી, વિવેકી, વિશ્વાસી, નિખાલસ ભરેલ, પવિત્ર અને વિશુદ્ધ કક્ષા. દરેક જીવે આ કક્ષા પર પહોંચવું જ પડે પછી ભલે ગમે તેટલા જન્મ મરણની માયાજાળમાં લપટાય પણ આધિકારીક કક્ષા તો પામવી જ પડે. આ અધિકાર વૈભવ, માલમિલક્ત, ધન દૌલત, રાચ રચિલું, માન મરતબો કે સમ્માનની અપેક્ષાથી નથી હોતો, આ અધિકાર જીવનો નિરપેક્ષ, નિર્લેપ, નિર્મોહી, નિ:સ્વાર્થી, સંશય કે સંદેહ વગરનો નિર્લોભી છે. જીવ જીવતો જીવતો જે ગતિથી કદમ માંડતો ધપે છે તેમાં આ જ્ઞાનાત્મક પુરુષાર્થ કેળવવો જીવનનું મૂલત્વ છે.

શ્રીવલ્લભાચાર્યજીએ જન્મ પ્રકરણમાં સૈદ્ધાંતિક રુપે સૂક્ષ્મતાથી એવી સમજ આપી છે - જે જીવ શ્રીસુબોધિનીજીનો અભ્યાસ કરે તો તે જીવ અવશ્ય પુષ્ટિ અધિકારી બને છે. 👍 સૈદ્ધાંતિક જીવનથી જ સ્વ યોગ્ય શ્રોતા બની શકે છે, સ્વ વક્તા બની શકે છે. આપણું જીવન બંધારણ સ્વ શ્રોતા અને સ્વ વક્તાથી જ રચાયેલુ છે, એટલે પ્રાથમિક શ્રોતા અને વક્તાથી જ જીવન સંદેહો કે સંશયો નષ્ટ પામે છે. વૃથા બોલવું - વૃથા કહેવું - વૃથા સાંભળવું - વૃથા વિચારવું તે દોષ ઉત્પન્ન કરે છે.

ટિપ્પણી - જાણીએ છીએ, સમજીએ છીએ, ક્ષમા યાચના કરીએ છીએ તો પણ અંતે તો હેમનું હેમ હોયે 🙏
કથા સુણી ફૂટ્યા કાન તો યે ના આવ્યું બ્રહ્મ જ્ઞાન 🙏 "ના"

શ્રીસુબોધિનીજીનું ચિંતન, મનન, વાંચન, અધ્યયન કે પઠણ કરનારને શિસ્ત અવશ્ય કેળવવી જ પડે. 🙏

આપણાં રામાયણ કાળ કે પ્રાથમિક મહાભારત કાળ સ્વ યોગ્ય શ્રોતા અને સ્વ યોગ્ય વક્તા આધારિત હતો. શ્રીબ્રહ્માજી, શ્રીનારદજી, શ્રીવ્યાસજી, શ્રીસૂતજી, શ્રીશૌનકજી, શ્રીશુકદેવજી, શ્રીપરિક્ષિત રાજા જેઓ ઉચ્ચ કોટીનાં વક્તા અને શ્રોતા હતા, એટલે **શ્રીમદ્ ભાગવત ભગવાનનું વાક્મય સ્વરુપ છે.**

પ્રાશ્ચ્યાત દેશોએ આ સિદ્ધાંત પર અદભુત પ્રગતિ કરી છે. આજે તેઓએ જીવનનાં સર્વે વ્યવહારોમાં આ સિદ્ધાંતને એવીરીતે વણેલો છે કે – **તેઓ સુખદાયી, શિસ્ત, શાસકીય અને ન્યાયપ્રિય પણ છે.**

અધિકારથી જ સ્વરૂપ, અર્થજ્ઞાન અને માર્ગદર્શન જ્ઞાન પ્રકટે છે.

આજે આપણે આ સ્કંધ પર સ્વ ચિંતન, મનન, અધ્યનન અને સત્સંગ કરીએ છીએ, પ્રથમ સ્વ કક્ષિત માટે તૈયાર રહી, જે સ્વ પ્રમાણ હોય તે આધારિત જ પરિવર્તિત થઈ આગળ ધપવું અનિવાર્ય છે. સ્વથી જ સંસ્કારિત થઈ નિર્ણય કરવો. 🙏

આજની ભારતીય જીવનશૈલી, પદ્ધતિ, સ્વભાવ અને રીતિરીવાજ આધારિત શ્રીવલ્લભાચાર્યજીએ અધિકાર શિક્ષાત્મક પ્રકરણ ત્રણ રીતિમાં વ્યવસ્થિત કર્યું છે. દરેક વ્યક્તિએ અવશ્ય સમજી, સ્વીકારી અને પરિવર્તન કરવું જ જોઈએ.

અતિ ગહનતાથી વિચાર કરીએ - આપણે માનવ અને આપણાં અધિકાર આપણે જાણતા જ ના હોઈએ, સમજતા ના હોઈએ, સ્વીકારતા ના હોઈએ, અપનાવતા ના હોઈએ, **તો આપણે કેવા માનવ? માનવ અધિકાર આપણો મૂળભૂત હક્ક છે.** આપણે અવશ્ય નિભાવવો જ પડે. જીવનનાં દરેક વ્યવહાર - (જ્ઞાન, ભક્તિ, રક્ષણ, રીતિ રિવાજ) વ્યવસ્થા, વ્યાપાર અને વિશ્વાસમાં આ અધિકાર સ્વ શિક્ષિત હોવો જ જોઈએ.

એક દ્રષ્ટાંત છે - અષ્ટસખા શ્રી કુંભનદાસજીનાં જીવનની પરિસ્થિતિમાં તેઓની સાથે શ્રીશ્રીનાથજી પ્રભુ ખેલે, રમે, આરામ કરે, ભોજન કરે 🌹 **ઓહહહ શ્રીશ્રીનાથજીનો કેવો અધિકાર એમ અષ્ટસખા શ્રીકુંભનદાસજીનો કેવો અધિકાર! 🙏**

શ્રીમદ્ ભાગવતનું આ જન્મ પ્રકરણ અતિ સૈદ્ધાંતિક, અતિ ઉર્જિત, અતી સંસ્કારીત અને જ્ઞાન વર્ધક છે.
જીવ જીવનની મૂળ પ્રાથમિકતા છે.

શ્રીસુબોધિનીજીમાં શ્રીવલ્લભાચાર્યજીએ સૂક્ષ્મતાથી **'અધિકાર'**ની વ્યાખ્યા, અર્થ અને કારણ નિરુપ્યું છે. જે સ્વીકારવું યોગ્ય છે.

૧. સાધારણ પ્રકરણ **૨. અસાધારણ પ્રકરણ** **૩. ગુણાતીત પ્રકરણ**

સાધારણ અધિકાર - નવ પ્રકાર, અસાધારણ અધિકાર નવ પ્રકાર - ગુણાતીત નિર્ગુણ એક પ્રકાર.



શ્રીવલ્લભાચરણોભ્યો નમ:

શ્રીકૃષ્ણાય નમ:

શ્રીગોપીજન વલ્લભાય નમ:

શ્રીમદ્ આચાર્યચરણપંકજભ્યો નમ:

શ્રીસુબોધિનીજી

શ્રીમદ્ ભાગવતનો પ્રથમ સ્કંધ

અધ્યાય પહેલો

શ્રીસુબોધિની – મંગલાચરણ

વન્દે શ્રીકૃષ્ણદેવં મુરનરકભિદં વેદવેદાંતવેધં।
લોકે ભક્તિપ્રસિદ્ધયૈ યદુકુલજલધૌ પ્રાદુરાસીદ્ અપાર:।
યસ્યાસીદ્ રૂપમેવ ત્રિભુવનતરણે ભક્તિવચ્ચ સ્વતંત્રં
શાસ્ત્રં રૂપં ચ લોકે પ્રકટયતિ મુદા ય: સ નો ભૂતિહેતુ: ॥ ૧ ॥

વિવેક, વિનય, વિશુદ્ધ અને વિશ્વાસથી શ્રીવલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતને નમન કરે છે અને આજ્ઞા માંગે છે - **હે આનંદ સ્વરુપ ભગવાન! આપનું આ નામ સ્વરુપ શ્રીમદ્ ભાગવતને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો અનુસાર અનેક જીવોનાં ઉદ્ધાર કરવા આજ્ઞા ચાહું છું** 🙏 આપને વિનંતી કરું છું 🙏 આપ મને સાથ આપો અને સમય અનુસાર અજ્ઞાન અને અંધકારમાં ખોવાયેલા, ડૂબેલા જીવોને સંસ્કૃત કરો 🙏

કારિકાર્થ -

શ્રીવલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતમાં બિરાજેલ શ્રીકૃષ્ણપ્રભુને ઈષ્ટ સિદ્ધિને નમન કરું છું 🙏 હે મુર અને નરકાસુરનો નાશ કરનાર! વેદ ઉપનિષદથી પામી શકાય તે શ્રીકૃષ્ણપ્રભુને પ્રણામ કરું છું 🙏 જે જ્ઞાનનો અપાર છે, ભક્તિનો અપરંપાર છે, આનંદનો ક્ષિરસાગર છે. શ્રીયદુકુલ શિરોમણી શ્રીહરિ! ત્રણે લોકને તારનાર શ્રીકૃષ્ણ 🙏 મને નિરપેક્ષ ભક્તિથી શાસ્ત્રાર્થ અને વ્યાખ્યાન રુપે યથાર્થ અભિપ્રાય પ્રકટ કરવા પ્રેરક થાઓ 🙏 આપનો અનુકંપિત શ્રીવલ્લભાચાર્ય 🙏

શ્રીકૃષ્ણ – કારિકાનાં આરંભમાં જ "શ્રીકૃષ્ણ" નામ 🙏 જન્મ પ્રકરણ શ્રીકૃષ્ણનાં જન્મથી જ આરંભ કરીએ તેનાથી ઉત્તમ કોઈ વિવરણ નહીં 🙏

"કૃષ્ણ જન્મ" થી આપણે ઘણાં વદિત છે, કૃષ્ણ જન્માષ્ટમી શ્રીમદ્ ભાગવત પ્રમાણિત "કૃષ્ણ જન્મ" એક એક વૈષ્ણવને અતિ મહત્વનો અને યોગ્ય સમજનો છે 🙏

"જન્મ" વૈજ્ઞાનિક પ્રક્રિયા 👍

મહાભારત કાવ્યમાં વાંચ્યું, અનેક કથા કે સત્સંગ પ્રવચનમાં સાંભળ્યું છે - શ્રીકૃષ્ણ જન્મ માતા દેવકી અને પિતા વસુદેવથી થયો 🙏 માતા દેવકીજીએ જન્મોજન્મ અતિ તીવ્ર ભક્તિ કરેલી, તેમને પરબ્રહ્મને પ્રસન્ન કરીને વચન માંગેલું કે શ્રીભગવાન મારા કુખે જન્મ ધરે 🙏

જન્મોજન્મ ભક્તિ એટલે શું? - વિજ્ઞાન 👍

અતિ ચિંતન કરીએ કે જન્મોજન્મની તપસ્યા એટલે ઉર્જા, જે ઉર્જા બ્રહ્માંડમાં ત્યાં સુધી અવસ્થી હોય જ્યાં સુધી તેનું મૂળ લક્ષ પૂર્ણ ના થાય. આ વિજ્ઞાન છે. **એક વખત ઉર્જા ઉદભવી તેની પૂર્ણતા જે હેતુથી ઉત્પાદીત થઈ તે જ ઉત્પાદીતની ઉપયોગીતા પૂર્ણ ના થાય ત્યાં સુધી તે ઉર્જા બ્રહ્માંડમાં તરંગોનાં રુપે પ્રવર્તતી હોય છે.** જો સંકલ્પ કે ક્રિયા જગત ઉપયોગી હોય તો તે પ્રમાણે તે વસ્તુ સિદ્ધ કરી શકાય છે. આ વૈજ્ઞાનિક પ્રક્રિયા યુગોથી આપણાં ઋષિ મુનીઓ અપનાવતા હતા. આજે અનેક વિજ્ઞાનનાં સ્નાતકો આ બાબતે ઘણી માહિતી આપે છે. અંધશ્રદ્ધા કે ધારણા કે માન્યતાથી સભર આ દ્રષ્ટાંત નથી🙏 આ યોગ્યતાનો પુરુષાર્થ જ યોગ્ય જ્ઞાન આપે છે. ફિઝિક્સનાં અનેક સિદ્ધાંતો સાર્થક થાય જ છે.

બીજું આપણે વિચારીએ કે **ભગવાન શ્રીકૃષ્ણ જ એક એવા પરમાત્મા હતા જે એક સ્થાનથી અનેકો સ્થાન ઉદભવતા હતા. આ કેવીરીતે બને? કોઈ એક વ્યક્તિ એક સ્થાને છે તે જ વ્યક્તિ નક્કી કરેલા માપમાં તે બીજા અનેકો સ્થાને પણ કોઈ ક્રિયા કરતા હશે તેને ક્વાન્ટમ ફિઝિક્સનાં સિદ્ધાંત કહે છે. આધ્યાત્મિક અને વિજ્ઞાન એક બીજાને પૂરક છે આ જ્ઞાન શ્રીવલ્લભાચાર્યજી આ જગતને આપે છે.**



ભાવાર્થ - ભગવાન શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગનાં મૂળત્વ આનંદનાં નિધિ સ્વરુપ છે, જે એક એક શ્રુતિઓમાં પ્રતિપાદીત છે એટલે શ્રીકૃષ્ણ પરાત્પર વસ્તુ છે, બ્રહ્માનંદરુપ ચૈતન્ય શક્તિ એટલે દૈવીરુપ માયાનાં પતિ છે, કૃષ્ણ - પરબ્રહ્મ શ્રીવિષ્ણુભગવાનનાં અવતાર સ્વરૂપ છે, દેવ પદ આપવાથી શ્રીકૃષ્ણની નિત્ય લીલાઓ ઉત્સ કરે છે, આ સર્વથી તે પરપુરુષ છે, સાથે બે પ્રકારની લક્ષ્મી, ચાર પ્રકારનાં વ્યુહો અને વિવિધ પ્રકારની ક્રિડાઓ કરે છે, જે નામ સ્મરણ કરવા યોગ્ય છે. શ્રીકૃષ્ણ નામ સ્મરણનો ભાગવત અર્થ જાગૃત થાય છે. જે શ્રીવલ્લભાચાર્યજી જાણે છે એટલે નમન કરે છે 🙏. આ નમન કરવું તે એક એવી દિવ્ય સમ્માનિત પ્રતિક્રિયા છે - જેનાથી જેનું નામ સ્મરણ, ચરિત્ર સ્મરણ કરો ત્યારે તેમના સ્પંદનો સ્વમાં જાગે અને સ્વનાં અનેક દોષો નષ્ટ પામે, સાથે સાથે એવી ઉર્જા પ્રાપ્ત થાય જેનાથી સ્વયત્તા અધિક ઉર્જિત થાય. જે વ્યક્તિત્વને નમન કરે તે વ્યક્તિનાં સદગુણો સ્વમાં પ્રતિપાદીત થાય.

શ્રીકૃષ્ણનાં વ્યુહો

વાસુદેવ - શ્રીકૃષ્ણ વેદ વેદાંત વેધં એટલે આપશ્રી વેદોનાં સિદ્ધાંત, વેદાંતની સિદ્ધિ અને વેધં એટલે અજ્ઞાન મિટાવીને ભક્તને મોક્ષ જ પ્રદાન કરે છે.

સંકર્ષણ - દૈત્યોનો નાશ કરનારા, મુર અને નરકાસુર ભક્તિ પ્રતિબંધિત કરનારા હતા તેઓનો નાશ કર્યો એટલે શ્રીકૃષ્ણ ભક્તવત્સલ છે જે ભક્તોને ઉદભવતી દરેક પ્રતિબંધતાને નષ્ટ કરતાં છે.

પ્રદ્યુમ્ન - વંશવૃધ્ધિ એવી પ્રકટ કરતા કે 'લોકે ભક્તિપ્રસિદ્ધયે ' અર્થાત ભક્તો માટે અપાર રીતે પ્રકટ થયા. 🙏

અનિરુદ્ધ - ધર્મરક્ષક સ્વરુપે પ્રક્ટ થયા. ધર્મનાં પ્રકાર પ્રવૃત્તિ અને નિવૃત્તિ જેમાં પ્રવૃત્તિ નું ફળ ત્રિલોક છે અને નિવૃત્તિ નું ફળ મોક્ષ છે. જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય અને અધર્મની વૃદ્ધિ થાય ત્યારે શ્રીકૃષ્ણ તેની રક્ષા માટે અનિરુદ્ધ વ્યુહ પ્રકટ કરે છે.

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।
અભ્યુત્થાનમ ધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્।
પરિત્રતાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્।
ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે।।

આ છે શ્રીકૃષ્ણનાં રૂપાવતાર પ્રયોજન. જે આ ચાર વ્યુહો દ્વારા સમજાવી🙏
નામાવતાર પ્રયોજન શ્રીમદ્દ ભાગવત દ્વારા સમજાવી🙏

ભક્તિવશ્ર સ્વતંત્ર - સ્વ આનંદ માટે શ્રીપ્રભુએ સ્વરાટાનંદથી સ્વતંત્ર ભક્તિ પ્રક્ટ કરી. આ ભક્તિ પ્રાક્ટ્ય શ્રીપ્રભુની અખંડ, અલૌકિક અને અનિર્વણીય, અહૈતુક પ્રક્ટિતા છે. હે પ્રભુ! આપ અવશ્ય આનંદ સ્વરુપ ભક્તવત્સલ છો🙏. શ્રીમદ્ ભાગવત એટલે સમાધિ ભાષા છે. પ્રેમ પ્રદાપિતા છે.

શાસ્ત્રાત્મક રુપ - સ્વ આનંદથી પ્રક્ટ કરી જીવોને જ્ઞાન ભાવથી કૃત કૃત કરે છે. શાસ્ત્રાત્મક રુપ એટલે આત્મીય આનંદ રુપ નીતિ, વિધિ અને નિધિ રુપ જ્ઞાન. જે ભાવથી પરિવર્તિત થઈ સિદ્ધાંતોથી શિક્ષાત્મક થઈ શાસ્ત્રોક્તમાં પ્રક્ટીત થઈ ભક્તોનાં હ્રદયનાં વિરહની ધારા એમ જ શ્રીપ્રભુનાં હ્રદયની વિરહ ધારા વહીને વ્રજમાં સંગમ થાય તેવું ભગવદાનંદ શાસ્ત્ર🙏

કર્તા જ્ઞઃ સકલસ્ય યો નિગમભૂ:સર્વસ્વરુપોડપિ સન્
સર્વસ્યાપિ વિધારણો વિજયતે નિર્દોષસર્વેષ્ટદઃ।
યો લીલાભિરનેદધા વિતનુતે રૂપં નિજંકેવલઃ
સોડયં વાચિ મમાસ્તુ પૂર્ણગુણભૂઃ કૃષ્ણાવતારઃ પતિઃ।।૨।।

કારિકાર્થ: જે પ્રભુ વિશ્વનાં કર્તા હર્તા અને સમજનારા છે, વેદ, વેદાંત, પુરાણો આદિ શાસ્ત્રોમાં કારણરુપ છે, અને પુષ્ટિજીવો કે નિર્દોષ, નિરપેક્ષ ભક્તોને અભિષ્ટ વસ્તુ આપનારા છે, જે સર્વત્ર સર્વરૂપે બિરાજેલા છે. સર્વેને ધારણ કરતા થઈ ને વિજયી પામે છે અને વિશુદ્ધ લીલાઓથી અનેક પ્રકારે સ્વરૂપને વિસ્તારે છે. અતિ પ્રેરણાદાયક અને જ્ઞાન વર્ધક આ કથન છે. આ ધારણ કરવું અતિ વિશ્વાસ અને પવિત્ર નીતિ નિયમન છે. પુષ્ટિમાર્ગની આ ગુઢતા કેળવવી દરેક વૈષ્ણવની જવાબદારી છે.

દ્રષ્ટાંત

એક વ્યક્તિ ટ્રેનમાં મુસાફરી કરતો હતો, થોડા સમય બાદ ટિકિટ ચેકર આવે છે અને તે વ્યક્તિ ની પાસે ટિકિટ માંગે છે, આ વ્યક્તિ પાસે ટિકિટ નહીં હતી એટલે એ વિચારતો હતો કે શું કરું? આ વિચારમાં ને વિચારમાં તેને નીચે પડેલ કાગળનો ટુકટો બતાવી કહ્યું - લો આ ટિકિટ! પેલા ચેકરે તે કાગળ હાથમાં લઈને કહ્યું - ખૂબ આભાર, અને ટિકિટ ચેકર આગળ ધપી ગયો. પેલો વ્યક્તિ વિચારવા લાગ્યો કે આ કેવું? ટિકિટ ચેકરને કાગળનો ટુકડામાં ટિકિટ દેખાય.

આવું કેમ બન્યું? તો ધારણા થી. જ્યારે તે વ્યક્તિ કાગળ નો ટુકડો હાથમાં લે છે અને ધારી લે છે આ ટિકિટ છે અને તે કાગળનાં ટુકડા નું પરિવર્તન ટિકિટ માં થયું. આ ધારણા તીવ્ર આત્મીય ધારણા છે. આ ધારણા કોઈ જાદુ ટોના નથી. પણ સ્વ વિશ્વાસ છે, યોગ્ય નૈતિકતા છે. આ વિશ્વાસ નૈતિકતા પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે. જે પણ વિચારો, કર્તવ્ય કરો કેવળ શ્રી પ્રભુનાં દ્રઢ આશ્રયથી કરો🙏

શ્રી પ્રભુ સામગ્રી આરોગે જ છે, તો અવશ્ય તે સર્વોત્તમ ધારણા છે. આ ધારણા સ્વમાં સિદ્ધિની પરિપક્વતા છે. એટલે તો શ્રી વલ્લભાચાર્યજી આ ધારણાઓ સૈદ્ધાંતિક રીતે પરિપૂર્ણ થાય જ. જેમ આપશ્રીએ દમલાને ઓળખ્યો, સૂરદાસજીને ઓળખ્યા.🙏

હે શ્રીકૃષ્ણ! પૂર્ણગુણોથી આપ પ્રક્ટ થયા છો, આપ મારા, મારા કર્તવ્યનાં મારી વાણીનાં સ્વામી થાઓ🙏

વિવેક, વિનય અને શિસ્ત અનુસંધાને જો સૈદ્ધાંતિક, નિખાલસપણે અને સત્ય જ્ઞાનીય અક્ષર, શબ્દ, વાક્ય કે કાવ્ય હોય તે અવશ્ય શ્રીપ્રભુને આદરણીય છે, સમ્માનીત છે, પ્રિય છે. આ વાણીનાં સ્વામી શ્રીપ્રભુ

સ્વયં છે. એટલે શ્રી સુબોધિનીજીની એક એક સૂત્રતા, શ્રુતિ, કારિકા, કારિકાર્થ, ભાવાર્થનાં પતિ શ્રીપ્રભુ છે અને તે જ પ્રતિપાદન કરે છે શ્રીપ્રભુનું સ્વરુપ વર્ણન. જે સૂત્રતાથી સદા વિજયી જ પમાય છે, ભક્તનાં વિજયમાં શ્રીપ્રભુનો વિજય છે જ. એટલે જ શ્રીપ્રભુ વાણી, ચરિત્ર ગાથા, સૈદ્ધાંતિક સૂત્રોનું વિવેચન, વિઘટન કરવાથી મુખરતા દોષ ના લાગે.

સર્વસ્યાપિ વિધારણ - શ્રીમદ્ ભાગવત આધારિત શ્રીસુબોધિનીજીનું વિવેચનમાં શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે શ્રીપ્રભુનું ઉપાદાન કારણપણું અને ધારણાત્મક સેતુપણું જીવને સૈદ્ધાંતિક માર્ગદર્શન આપે છે. જેનાથી પુષ્ટિસ્થિતિ સિદ્ધિ ઉદભવે છે.

નિર્દોષસર્વેષ્ટદ: - શ્રીપ્રભુનાં નિર્દોષપણાંનો ગુણથી જ તેઓ ઈષ્ટ છે. સર્વે નિર્દોષ ભક્તોનું કલ્યાણ ઈષ્ટ વસ્તુ અને અનેક લીલાઓથી પ્રદાન કરીને પોતાના સ્વરુપનો વિસ્તાર કરે છે.
જીવધર્મ કારણરુપ છે અને ભગવદ્ ધર્મ કારણભૂત નથી.
શ્રીપ્રભુનું મૂલરૂપ અને અવતારરુપ અનહદ કૃપાળુ છે, જે સદા નિર્દોષ ભક્તોનું કલ્યાણ કરી તેઓને ઉત્તમ ગતિ પ્રદાન કરે છે 🙏 એવા શ્રીપ્રભુ મારા પતિ થાઓ, મારા પતિ સ્વરૂપે મારામાં બિરાજો🙏



શ્રીમદ્ વલ્લભવિદ્વદીશવિલસદ્વંશાબ્ધિપૂર્ણેન્દવે

શ્રીગોપીપતિવન્દિને સુમનસિ બ્રહ્મામૃતસ્યન્દિને।

શ્રીમલ્લક્ષ્મણભટ્ટસૂરિરિતિ યદ્ નામાખિલાભીષ્ટદં

તસ્મૈ તાતમહાશયાય હરયે કુર્મો નમ: સિદ્ધયે॥૩॥

કારિકાર્થ - ઈશોથી સ્વ પ્રકાશતા વંશરૂપી સમુદ્રના પૂર્ણચંદ્ર પ્રપિતા 'શ્રીમલ્લક્ષ્મણભટ્ટ સૂરિ' ઉપનામથી સમ્માનિત કરી અને પૂર્વજોનાં કાર્યો સિદ્ધ થાય એ આશીર્વચન આપી એવા ઉત્તમ મન વાળા શ્રીગોપીપતિ, સર્વેલોકમાં બ્રહ્મરૂપ અમૃત સિંચનારા અને વિઘ્ન હરનારા ઉદાર શ્રીકૃષ્ણને શ્રીવલ્લભાચાર્યજી નમન કરે છે.

ભાવાર્થ - શ્રીવલ્લભાચાર્યજીનાં પ્રપિતા શ્રીવલ્લભભટ્ટજી અને પિતાશ્રીલક્ષ્મણભટ્ટજીએ વિષ્ણુસ્વામી પંથ સ્વીકારી શ્રીગોપાલ એટલે શ્રીકૃષ્ણનાં જ ઉપાસક હતા. આ ઉપાસનાથી જ શ્રીવલ્લભાચાર્યજી પોતે એ જ કુટુંબમાં જન્મયા તેનો ગર્વ અનુભવે છે. જેની કૃપા શ્રીકૃષ્ણ એ કરાવેલી.

શ્રીમદ્ભાગવતાગમ: સુરતરુ: લોકે ફલત્વં ગત:
ભાષાવેદવિભેદતસ્ત્રયમપિ સ્યાન્નો વિરુદ્ધં મહત્।
ભક્ત્યંશે ફલતા પ્રમાણસુબલે વેદત્વમ્ અર્થે પુન:
સ્કન્ધૈર્દ્વાદશભિર્યુત: સુરતરુ: શાખાદ્વિવહ્નિનન્દ્રયમ્ ॥૪॥

કારિકાર્થ - વેદસ્વરુપ શ્રીમદ્ ભાગવત કલ્પવૃક્ષ છે. તે લોકોને ઉદ્ધાર કરવા માટે ફલપણાને પ્રાપ્ત છે. તેમાં મહાપુરાણ હોવાથી લૌકિક ભાષા, પરમતભાષા અને સમાધિ ભાષા એમ ભાષા વેદનું તારાત્મય છે. શ્રીમદ્ ભગવત ભક્તિના અંશમા ફલપણુ, પ્રમાણનાં વિશેષબલમાં વેદપણું છે, અને અર્થમાં બાર મોટી શાખાઓ નાની નાની ત્રણસો બત્રીશ શાખાઓ સહીત કલ્પવૃક્ષપણું છે, એટલે સ્વ કલ્પવૃક્ષરૂપ છે. અદભુત! કેટલી નિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ અને પરસ્પર્તા છે.
જીવ સદા ફલપણાનો વિચાર અવશ્ય કરે જ છે. જ્યારે શ્રીપ્રભુ સદા જીવનું કલ્યાણ જ ઈચ્છે છે. આ ઈચ્છા અને કલ્યાણથી જે પરમાર્થો થયા એ પણ અલૌકિક છે. એટલે એ તો નક્કી જ છે કે શ્રીપ્રભુ કલ્પવૃક્ષરૂપ છે.
દ્રષ્ટાંત - એક વ્યક્તિ જે અતિ ધનવાન અને વૈભવશાળી હતો. તે જગતનાં કોઈપણ સ્થળે જાય અને ત્યાં તેને દુર્બલ, અકિંચન, રોગી, લાચાર અને ગરીબ વ્યક્તિ દેખાય કે તરત તેને મદદ કરવા દોડી જાય અને તેને સમજ, સારવાર અને સાથથી તેને ઉભો કરે. તેમને આમને આમ તેની લટખૂટ સંપત્તિ આ સેવામાં લૂટાવી દીધી. તેઓ કહેતા તમે તમારા દુઃખ કહો, હું અચૂક દૂર કરવાનો પ્રયત્ન કરીશ. તમે તમારો ધર્મ કહો, હું તમારા ધર્મને ચોક્કસ સંભાળીશ. તમે દર્દ અનુભવો છો તો ચોક્કસ તમે જીવો છો, પણ જો તમે બીજાનું દર્દ અનુભવો છો અને તેને મદદ કરો છો તો તમે મનુષ્ય છો.
ભાવાર્થ - શ્રીવલ્લભાચાર્યજી આરંભ કરે છે જીવ અધિકારની સમજ નો. કનિષ્ક, મધ્યમ અને ઉચ્ચ જીવોને તેઓની કક્ષા મુજબ અવશ્ય ફળ પ્રાપ્ત કરે જ. એટલે પ્રાથમિક એટલું તો દ્રઢથી કિધુ કે શ્રીપ્રભુ તો કલ્પવૃક્ષ છે અને તે ફળ આપવા તત્પર છે. અતિ સરળ સિદ્ધાંત બતાવે છે કે શ્રીમદ્ ભાગવત જ્ઞાન ભક્તિનું ઉપાસક છે, જે જે જીવ જે કક્ષા પ્રમાણે સમજે તે તે પ્રમાણે તેને ફળ પ્રાપ્ત થાય.

કેટલું સરળ - જ્ઞાન ભક્તિથી સ્વને યોગ્ય કરતા કરતાં સ્વતંત્ર પુરુષાર્થપણે ભક્તિરસનું આસ્વાદન કરે તેનું જે ફલ છે તે શ્રીપ્રભુ કૃપાથી પામે🙏 એટલે પ્રમાણબળથી જ ફળ સિદ્ધ થાય છે.

અર્થ તસ્ય વિવેચિતું ન હિ વિભુઃ વૈશ્વાનરાદ્વાક્પતેઃ
અન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ।
દત્વાજ્ઞાં ચ કૃપાવલોકનપટુઃ ર્યસ્માદ તોઽહંમુદા
ગૂઢાર્થ પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ।।૫।।

કારિકાર્થ - જગત અનેક કષ્ટો અને દુ:ખોથી ભરેલું છે. શ્રીવૈશ્વાનર વાક્પતિ યથાર્થ અર્થ અને પ્રક્ટ કરવા સક્ષમ છે અને સમર્થ છે, તે શ્રીલક્ષ્મીપતિ ભગવાન અને શ્રી વ્યાસજીનાં પ્રિય મનુષ્યશરીરયુક્ત શ્રીવલ્લભાચાર્યજીથી વાકેફ છે. તેમનો અથાગ પુરુષાર્થ, જ્ઞાન વિદ્યા, ચતુરાઈ અને યોગ્યતાનો સંપૂર્ણ અભ્યાસ હોવાથી આપશ્રીને શ્રીમદ્ ભાગવતનો ઉત્તમ અર્થ કરવાની આજ્ઞા આપી. જે સહર્ષ સ્વીકારી શ્રીમદ્ ભાગવતને આનંદથી પ્રકટ કરવા કટીબદ્ધ છું એવું વચન આપ્યું.

ભાવાર્થ - પૂર્વેનાં અનેક પંડિતોએ શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા કરેલી છે પણ સમગ્ર લોક માંથી દુઃખ નષ્ટ ના થયું. એટલે શ્રીવલ્લભાચાર્યજી પ્રતિજ્ઞા કરે છે - યોગ્યતા પૂર્વક અને સરળ સમજથી વ્યાખ્યા કરવી. શ્રીવ્યાસજીએ જાણ્યું કે શ્રીમદ્ ભાગવતનો સચોટ અને સરળ અર્થ પ્રકટ કરવા વૈશ્વાનર વાક્પતિ પાસે અનંત સામર્થ્ય છે. અગ્નિ અને વાણીનાં પતિનું સામર્થ્ય અબાધિત અને સર્વશ્રેષ્ઠ છે. આપની શ્રુતિમાં મધુરતા છે તેવું વાક્ચાતુર્ય સંભળાય છે. વાણીનાં પતિ અગ્નિ અને અગ્નિનાં મુખે શ્રીમદ્ ભાગવતનું રૂપાંતર કેવળ શ્રીવલ્લભાચાર્યજી જ સાત અર્થે પ્રક્ટ કરે તેનાથી ઉત્તમ શું!👍

લક્ષણાં નૈવ વક્ષ્યામિ ન ન્યૂનાદન્યપૂરણમ્।
આર્થિકં તુ પ્રવક્ષ્યામિ પરોક્ષકથનાદતે ।।૬।।

કારિકાર્થ - શ્રીવલ્લભાચાર્યજી કહે છે - હું લક્ષણાને કહીશ નહીં, તેમ ન્યૂનપદથી બીજા પદનું અનુસંધાન કરીશ નહીં. કેવળ પરોક્ષ કથન પ્રસંગ છોડીને, જેવો યથાર્થ આશય પ્રક્ટ થાય તેટલો જ અર્થ બતાવીશ.

ભાવાર્થ - શબ્દોનો અર્થ લક્ષણાથી થાય છે. દા. ત. - ગંગાયા ઘોષ - આ વાક્યનો યથાર્થ શબ્દાર્થ તો "ગંગામાં નાનું ગામડું" છે. પરંતુ "ગંગાયાં" નો અર્થ “ગંગાનાં કાઠા ઉપર" કરવામાં આવ્યો છે તેને લક્ષણા કહેવાય. આ પ્રકારનો અર્થ મારાથી ના થાય અને પદ ઓછું મૂકીને બીજા પદથી તેની પૂરવણી પણ નહીં કરું. પરોક્ષકથન - જેવા કે પુરંજનાખ્યાન વગેરેને છોડીને શબ્દનો યથાર્થ અભિપ્રાય કરીશ, આ પ્રતિજ્ઞા કરું છું.

અવિરોધેન સપ્તાનામ્ અર્થાનામ ઈહ સંગતિ:।

ઉત્તરોત્તરદૌર્બલ્યં વાચ્યં સંકોચત: પરમ્ ।।૭।।

કારિકાર્થ - આ ટીકામાં સાત અર્થોની વિરોધ વિનાની સંગતિ છે, તેમાં વ્યવહારનાં કારણરૂપ શક્તિ સંકોચને લીધે પૂર્વ પૂર્વેનાં અર્થના કરતાં પછીનાં અર્થનું દુર્બલપણું કહેવાશે.

ભાવાર્થ - શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એમ સાત પ્રકારનાં અર્થો બતાવ્યા છે. તે સાત અર્થોનો વિરોધ ના આવે તેવી રીતે અર્થ મળતો આવશે. કેટલાક વ્યવહારને લઈને શબ્દોનો શક્તિસંકોચ કરવો પડે છે. ત્યારે ઉપર જણાવેલા સાત પ્રકારનાં અર્થોમાં પછી પછીનાં અર્થોનું દૂબળાપણું રહેશે, જેમકે સમગ્ર શ્રીમદ્ ભાગવતનો અર્થ આનંદઘન શ્રીહરિની લીલાઓનું પ્રતિપાદન કરવું એ જ છે, તો પણ તેમાં રાજાઓ વગેરેની કથા તો આવે છે. તે પણ શ્રીપ્રભુની લીલા છે એવું તે સ્થળે બતાવવામાં આવશે. તો પણ તે તે કથાઓનો પ્રત્યક્ષ અભિપ્રાય તો રાજાઓની કથારૂપ જ જણાય છે. તે કારણથી રાજકથાનો અર્થ દુર્લભ છે.

ભાષાત્રયવિરોધશ્ચ કલ્પભેદાત્સમાહિત:।

ભાષાત્રયવિભેદશ્ચ લક્ષણૈર્જ્ઞાપ્યતે પુન: ।।૮।।

કારિકાર્થ - ત્રણે ભાષાના વિરોધનો પરિહાર કલ્પભેદથી સમજવાનો છે. અને ત્રણે ભાષાનો ભેદ પણ તેવા સ્વરૂપથી તે તે સ્થળે બતાવવામાં આવશે.

ભાવાર્થ - શ્રીમદ્ ભાગવતમાં લૌકિક ભાષા, પરમતભાષા, અને સમાધિ ભાષા એમ ત્રણે ભાષાઓમાં જ્યારે પરસ્પર વિરોધ આવે ત્યારે તેનું નિરાકરણ કલ્પના ભેદથી કરવાનું છે, એટલે જુદા જુદા કલ્પોમાં કથાનકો પરિવર્તિત થાય છે. અને તે ભાષાત્રયનો ભેદ પણ દરેક લક્ષણો દ્વારા વારંવાર કહેવામાં આવશે.

અર્થત્રયં તુ વક્ષ્યામિ નિબન્ધેડસ્તિ ચતુષ્ટયમ્।

અત્ર સન્ત: સ્વસંતોષૈરાજ્ઞાં યચ્છન્તુ સિદ્ધયે ।।૯।।

કારિકાર્થ - સાત અર્થોમાંના પ્રથમ ચાર અર્થો તો તત્વાર્થદીપનિબંધમાં કહ્યા છે. બાકીના ત્રણ અર્થો અહીં બતાવીશ. તેમાં સત્પુરુષો પોતાના સંતોષ વડે અર્થની સિદ્ધિ માટે આજ્ઞા આપો.

ભાવાર્થ - તત્વાર્થદીપનિબંધમાં આચાર્યશ્રીએ શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાયનાં અર્થો ઉપપત્તિ પૂર્વક આપેલા છે. અહીં શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યામાં વાક્ય, પદ અને અક્ષરનો અર્થ ઉપપત્તિપૂર્વક કહેવાશે.

સરળ, સત્ય અને સૈદ્ધાંતિક પ્રમાણિત આ અર્થ – જ્ઞાનભાવ સમજીશું તો જ શ્રીવલ્લભાચાર્યજીનાં પુષ્ટિમાર્ગને પામીશું. આપણે શિક્ષિત છીએ તો આપણે સત્ય વિજ્ઞાનને સ્વીકારીને સ્વને ધર્મ સિંચન આપીશું તો જ આપણે આપણી આંતરિકતા અને બાહ્યતાને ઓળખીશું. જે આપણાં મનને ઉત્સાહિત રાખશે, કાયાને નિરોગી રાખશે, ધન એટલે – જ્ઞાન બુદ્ધિને વૈજ્ઞાનિક રાખશે .

અતિ અદભુત છે આ સંસ્કાર, સંસ્કૃતિ, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માંડ અને પુષ્ટિ.

એક એક પગથિયે નિસરણી ચડો – સીધા જ ઉપર ના પહોંચો – કારણકે એક અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, માન્યતા આપણાં અનેકો માર્ગ બંધ કરી દેશે. સાવધાની જ સલામતી સાચવે છે.

આપની જિજ્ઞાશા જગાડો – જણાવો – અચૂક શ્રીવલ્લભાચાર્યજી ચરિત્ર અને વિરંચિતા અનુસંધાને જાગૃતતાની સેવા પધરાવવા તત્પર છીએ.

" જય શ્રી કૃષ્ણ "

सेवा सत्संग स्पर्श धारा

प्रकाशक: Vibrant Pushti - Vadodara

Vibrant Pushti

૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા, હરણી રોડ, વડોદરા – ૩૯૦૦૦૬

Email: vibrantpushti@gmail.com - Mobile - 9327297507